Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# શૈક્ષણિક લાયકાત સંદર્ભે માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તાનો અભ્યાસ

ડૉ. ધીરજલાલ ટી. રાઠોડ
ઇન્ચાર્જ આચાર્ય, સ્નાતક નઇ તાલીમ મહાવિદ્યાલય લોકભારતી સણોસરા, E-Mail: dhirubhairathod12@gmail.com મો. ૯૪૨૮૧૦૮૭૧૬

સારાંશ

શિક્ષણની પ્રક્રિયા ઉત્તમ પ્રકારની બની રહે તે માટે શિક્ષક સક્ષમ, પ્રસન્ન અને પ્રેરિત-પ્રોત્સાહિત રહે તે ખાસ જરૂરી છે. શાળકીય સફળતાના રહસ્યનું એક પાસું શિક્ષકની નીતિમત્તા ઉપર નિર્ભર છે. કોઇ પણ શાળાની કે સંસ્થાની પ્રગતિની આધારશિલા એના કાર્યકરોની નીતિમત્તા પર આધારિત હોય છે. આપણે જાણીએ છીએ કે કેટલાંક શિક્ષકોના મુખ પર શિક્ષકત્વનું ઓજસ તરવરતું હોય છે, તો કેટલાંક શિક્ષકો ચીડિયા, સંકુચિત સ્વભાવના અને ઓછા ઉત્સાહી હોય છે. શિક્ષકની જિજ્ઞાસા, જ્ઞાનપિપાસા, કર્તવ્યનિષ્ઠા, વિદ્યાર્થી વત્સલતા તથા તેમને તેમનાં કાર્યમાંથી પ્રાપ્ત થતો કાર્ય સંતોષ વગેરે. બાબતો શિક્ષણની પ્રક્રિયાને સફળ બનાવવા માટે પ્રેરક બનતી હોય છે.

**ચાવીરૂપ શબ્દો**: શૈક્ષણિક લાયકાત, માધ્યમિક શાળાના શિક્ષક, નીતિમત્તા

શિક્ષકની પોતાની નીતિમત્તા પર વિવિધ પરિબળો ભાગ ભજવે છે. શિક્ષકોને અહેવાલો તૈયાર કરવા, કાગળકામ કરવામાં વધુ સમય આપવો પડે છે. સાથે સાથે સંચાલક મંડળના વિવિધ પ્રકારનાં દબાણોમાંથી માર્ગ કાઢવામાં સમય જાય છે. શિક્ષકોની નીતિમત્તા ઊંચી લઇ જવા માટે શિક્ષકોને પ્રમાણસરનો કાર્યબોજ અને પોતાના કાર્યમાં સ્વતંત્રતા જરૂરી છે. આ માટે સંચાલકો અને આચાર્યશ્રીઓએ ધ્યાન રાખવું એ જરૂરી જ નહીં, પરંતુ અનિવાર્ય, આવશ્યક છે.

સંસ્થાકીય શૈક્ષણિક પર્યાવરણનો અભ્યાસ કરતાં કે શિક્ષણ પ્રશાસનની બાબત ઉપર વિચાર કરતાં લાગે છે કે શિક્ષક શાળાનું એક અતિ મહત્ત્વનું ઘટક છે, તેથી તેની નીતિમત્તાનો અભ્યાસ કરવો જરૂરી છે. નીતિમત્તા એ વ્યક્તિની એવી સ્થિતિ કે વલણ છે કે જેનાથી તે તેનાં ધ્યેય (સિધ્ધિ, કાર્યસિધ્ધિ કે દરજ્જો) અને તેની વર્તમાન પરિસ્થિતિ વચ્ચેનો તફાવત સમજી શકે છે. નીતિમત્તા માટે અંગ્રેજીમાં 'મોરલ' (Moral)શબ્દ છે જે શિક્ષકોની નીતિમત્તા કે નીતિમત્તાના અર્થમાં વપરાય છે.

'મોરલ' શબ્દ વિશેષણ છે તે લેટિન ભાષાના પારિભાષિક શબ્દ "મોરલ" માંથી 'મોરલ' શબ્દ બન્યો છે. 'મોરલ' એટલે 'રિવાજ' શિષ્ટ કે અશિષ્ટ રીતભાત, 'વર્તુણૂંક'. મોરલ શબ્દ બે સેન્સ (સમજ)માં વપરાય છે. પ્રથમ મૂલ્યાંકનની સમજમાં દા.ત. સાચા કે ખોટા કાર્યનો ન્યાય કરવો. બીજું વર્ણનાત્મક સમજમાં દા.ત. સાચું કે ખોટું કાર્ય કરવું. જ્યારે આપણે નૈતિક શિક્ષણ વિશે કંઇ પણ કહીએ છીએ ત્યારે 'મોરલ' શબ્દ પ્રથમ સમજના રૂપમાં વપરાય છે. જ્યારે આપણે નૈતિક શિક્ષણ અંગે સંશોધન હાથ ધરવા માંગતા હોઇએ ત્યારે આપણે નૈતિક વર્તણૂંકની લાક્ષણિકતાઓ અને તેનાં ઘટક તત્વો ધ્યાનમાં રાખવાં જોઇએ. આપણને જુદી જુદી પધ્ધતિઓનું જ્ઞાન હોવું જોઇએ. અને નૈતિક વિકાસ વિશેનાં મંતવ્યો પણ ધ્યાનમાં રાખવાં

જોઇએ. ઉપરાંત મનોવૈજ્ઞાનિક અને સામાજિક આધારશિલાઓમાં નૈતિકતા, નૈતિકવિકાસ સૈધ્ધાંતિક જ્ઞાન હોવું જોઇએ.

**સમસ્યા કથન**

પ્રસ્તુત અભ્યાસક્ષેત્ર શિક્ષકના નીતિમત્તાને લગતું હોઇ વળી, સંશોધક આ ક્ષેત્રની પ્રશિક્ષણ કોલેજમાં કાર્યરત હોવાથી તેમજ સંશોધકને માધ્યમિક શાળાના અનુભવ પરથી સર્વેક્ષણ પ્રકારનો અભ્યાસ કરવાનો વિચાર આવ્યો હોવાથી પ્રસ્તુત અભ્યાસની સમસ્યા નીચે પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવી:

**માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તાનો અભ્યાસ**

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા-**

૧. **નીતિમત્તા** :પોતાના ધ્યેયો અને વર્તમાન પરિસ્થિતિમાંથી વ્યક્તિના મનમાં આકાર લેતી સ્થિતિ અથવા તો વલણો, અને તેની નીતિમત્તા.

૨. **માધ્યમિક શાળા** : ૧૦+૨+૩ તરેહામા ધોરણ ૯, ૧૦ના વર્ગો ધરાવતી શાળા.

**અભ્યાસના ચલો**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોની નીતિમત્તા – આ એક પરતંત્ર ચલ પર શૈક્ષણિક લાયકાત સ્વતંત્ર ચલની અસર તપાસવાનું કેન્દ્રસ્થ હતું.

**અભ્યાસના હેતુઓ** :-પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણેના હતાં.

૧. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તા માપદંડની રચના કરવી, પ્રમાણીકરણ કરવું અને વિશ્વસનીયતા તપાસવી.

૨. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તા તપાસવી.

૩. ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકોની શૈક્ષણિક લાયકાત સંદર્ભે નીતિમત્તા તપાસવી.

**અભ્યાસની ઉત્કલ્પના** :પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પના નીચે પ્રમાણે હતી.

૧. માધ્યમિક શાળામાં વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નીતિમત્તા અંગેના નીતિમત્તા માપદંડ પરના માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

**અભ્યાસનું મહત્ત્વ-**

પ્રવર્તમાન સમયમાં વિદ્યાર્થીઓને નીતિમત્તાનું શિક્ષણ આપવાની તાતી જરૂરિયાત જણાય છે. વિશ્વ જીવન અને મૂલ્યાંક માટે દ્રષ્ટિકોણ વિકસાવવા વિદ્યાર્થીઓને નીતિમત્તાના શિક્ષણથી માર્ગદર્શિત કરવા અને તેમની સામાજિક સભાનતાને સતત સુધારતા રહેવી, જેથી કરીને ઉચ્ચ નીતિમત્તા ઐક્ય, જ્ઞાન અને સંસ્કૃતિબદ્ધ આવનારી પેઢી માટે મજબૂત પાયો નાખી શકાય અને શિસ્તનું પાલન કરાવી શકાય. વિશ્વવિદ્યાલયના છાત્રો અને શિક્ષકોએ તેમનું ઐક્ય જાળવવું જોઇએ, અને તેને શૈક્ષણિક પત્રોમાં પોતાના ચોક્કસાઇ પૂર્વકના કામને રજૂ કરવું જોઇએ.

શૈક્ષણિક સંશોધનોમાં માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તા સંદર્ભે ઘણું ઓછું કામ થયેલું જણાય છે. મૂલ્યશિક્ષણની ખપ દિવસે ને દિવસે વધતી જતી હોય ત્યારે પ્રસ્તુત સંશોધનથી ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તા જાણવા મળશે. આ

અભ્યાસથી તેના પર અસર કરતાં વિવિધ ચલોની શિક્ષકોની નીતિમત્તા પરની અસર જાણી શકાશે. સરકારી, બિનસરકારી અને સ્વનિર્ભર માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તાની તુલના કરી શકાશે.

કેળવણીકારો, શાળાસંચાલકો, શિક્ષણ સાથે સંકળાયેલા વ્યક્તિઓ, આચાર્યો તેમજ શિક્ષકો સૌને દિશાસૂચન મળશે, મૂલ્ય શિક્ષણ માટેના મૂલ્યવાન સૂચનો કરી શકાશે. આ અભ્યાસની ફલશ્રુતિ સ્વરૂપે જે તારણ મળશે તે માધ્યમિક શાળાના શિક્ષકોની પોતાની નીતિમત્તા સંદર્ભે દિશાસુચન માટે ઉપયોગિ નીવડશે. તેમજ ભાવિ સંશોધકોને પ્રસ્તુત અભ્યાસમાંથી ભાવિ અભ્યાસો માટે પણ દિશાસૂચન મળશે.

**વ્યાપવિશ્વ અને નમૂનો-**

આ અભ્યાસ ભાવનગર જિલ્લાના અગિયાર તાલુકામાં ફરજ બજાવતા માધ્યમિક શાળાના શિક્ષકો સંબિંધિત હતો. એટલે કે પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાઓના શિક્ષકોનું બનેલું હતું.

આ વ્યાપવિશ્વમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના શિક્ષણ સહાયકો અને પૂર્ણ પગારી શિક્ષકોનો સમાવેશ થયો હતો. જેની કુલ સંખ્યા ૧૨૦૦ હતી.સમગ્ર વ્યાપવિશ્વ જ નમૂનાપાત્રો રૂપે લઇ અભ્યાસ કરવામાં આવ્યો હતો. ભાવનગર જિલ્લાના અગિયાર તાલુકાનો વિસ્તાર લક્ષમાં લઇ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલા.

૧. શહેરી વિસ્તાર ૨. અર્ધ શહેરી વિસ્તાર ૩. ગ્રામ્ય વિસ્તાર

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વને જ નમૂનો બનાવાયો હતો. વ્યાપવિશ્વમાં સંખ્યા ૧૨૦૦ હતી. નમૂનામાં વ્યાપવિશ્વના કુલ ૧૨૦૦ પાત્રોમાંથી ૧૦૨૫ પાત્રોની માહિતી પ્રાપ્ત થઇ હતી. જે કુલ વ્યાપવિશ્વના ૮૫ ટકા થતા હતાં.

**માહિતી પ્રાપ્તિ માટેનું ઉપકરણ-**

પ્રસ્તુત અભ્યાસ માટે અભ્યાસ દ્વારા રચાયેલ માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમતા માપદંડનો ઉપયોગ થયો હતો.

**નીતિમતામાપદંડ-**

લિકર્ટ પધ્ધતિથી તૈયાર કરવામાં આવેલી કસોટી – પુન:કસોટી (Test-Retest) પધ્ધતિ દ્વારા શોધાયેલ તેનો વિશ્વસનિયતાંક મળેલ હતો. પ્રસ્તુત વલણ માપદંડના કુલ ૯૦ વિધાનો પૈકી અડધા વિધાનો માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમતા પ્રત્યેના ધન વલણ દર્શાવતા ૪૦ હકારાત્મક વિધાનો હતા, જયારે બાકીના ઋણ વલણ દર્શાવતા ૫૦ નકારાત્મક વિધાનો હતા. નીતિમતા પર અસર કરનાર કુલ બાર પરિબળો જેવા કે વ્યાવસાયિક નિષ્ઠા, ચારિત્રય, વિદ્યાર્થીવત્સલ, સમાજનો ઘડવૈયોશિક્ષક, નિયમિતતા, પગાર કે સમય, સામાજિક મોભો, કથની અને કરની એક, સમયપાલન, ઓછી વાત વધુ કામ, નિષ્ણાંત, કર્મ અને ધર્મ વગેરેને લગતાં વિધાનો હતાં.

**નીતિમત્તા માપદંડની વિશ્વસનિયતા**

નીતમત્તા માપદંડની વિશ્વનિયતા કસોટીપુન: કસોટી દ્વારા શોધવામાં આવી. કસોટી પુન: કસોટી વિશ્વસનીયતા શોધવા માટે નમૂનામાં પસંદ થયેલ ભાવનગર જિલ્લાના અગિયાર

તાલુકામાંથી સિહોર, પાલીતાણા, ઉમરાળા તાલુકાના શિક્ષકોમાંથી ૧૧૦ પાત્રો ૩૦-૩૦ દિવસના સમયગાળા પછી વલણ માપદંડની પુન: કસોટી અજમાયશ કરવામાં આવી. આ ૧૧૦ પાત્રોના પુન: પરીક્ષણના પ્રાપ્તાંકોનો પ્રથમ પરીક્ષણના પ્રાપ્તાંકો સાથેના સહસંબંધ શોધવામાં આવ્યો સહસબંધ શોધવામાં આવ્યો સહસંબંધનું મૂલ્ય ૦.૮૭ મળ્યું. આ સહસંબંધ ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. કસોટી પુન:કસોટીના પ્રાપ્તાંકો વચ્ચે સારો સીધો સંબંધ છે. તેથી .કહી શકાયમ કે વલણ માપદંડનું અંતિમ સ્વરૂપમાં આ અભ્યાસના નમૂના માટે વિશ્વસનિય હતું.

અર્ધવિચ્છેદન પદ્ધતિઓ વલણ માપદંડની વિશ્વનિયતા શોધવા માટે કુલ ૧૦૨૫ પાત્રોના વલણ માપદંડમાંથી ૧૧૦ વલણ માપદંડો ભાવનગર જિલ્લાના ત્રણ તાલુકામાનું પ્રતિનિધિત્વ મળે અને લિંગ અનુસાર પ્રતિનિધિત્વ જળવાઇ રહે તેવી શાળાઓના શિક્ષકોના વલણ માપદંડની પસંદગી થાય તેની કાળજી લીધેલ. આ રીતે ૧૧૦ વલણ માપદંડ પસંદ થયા આ વલણ માપદંડમાંથી પ્રત્યેક પાત્રોએ મેળવેલ પ્રાપ્તાંકો અલગ અલગ ગણી કાઢવામાં આવ્યા. મેળવેલ પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ તૈયાર કરી સહસંબંધની ગણતરી કરવામાં આવી જેનું મૂલ્ય ૦.૮૭ મળ્યું જે ૧.૦૦ની ખૂબ જ નજીક હોય આ કસોટી વિશ્વસનીય છે તેમ કહી શકાય. ઉપકરણની યથાર્થતા ઉપરકરણની પ્રાથમિક સ્વરૂપની યથાર્થતા પણ તપાસવામાં આવી હતી પ્રસ્તુત વલણ માપદંડની પ્રામાણભૂતતા બે પાસાને અનુલક્ષીને નક્કી કરવામાં આવી હતી.

**૧. આંતરિક પ્રમાણભૂતતા ૨. બાહ્ય પ્રમાણભૂતતા**

**વલણ માપદંડની પ્રમાણભૂતતા**

પ્રમાણભૂતતા. પ્રસ્તુત વલણ માપદંડની પ્રમાણભૂતતા બે પાસાને અનુલક્ષીને નક્કી કરવામાં આવી હતી.

**૧. આંતરિક પ્રમાણભૂતતા ૨. બાહ્ય પ્રમાણભૂતતા**

**આંતરિક પ્રમાણભૂતતા.** વિષયવસ્તુની પ્રમાણભૂતતા જાણવા માટે સંબંધિત સાહિત્યના આધારે શિક્ષકોની નીતિમત્તા અંગેનો વિગતે અભ્યાસ કરેલો. આમ લક્ષણ વિષયક એવી આંતરિક પરમાણભૂતતા સ્થાપન માટે વલણ માપદંડની રચનાનાં મહત્વના સોપાનો વખતે જ ચીવટ રાખવામાં આવી હતી. આ સોપાનો નીચે મુજબ હતા.

૧. માધ્યમિક શાળાના શિક્ષકોની રૂબરૂ મુલાકાત

૨. માધ્યમિક શાળાના શિક્ષકોના મુક્ત જવાબી પ્રતિચારો

૩. શિક્ષણસહાય તરીકે જોડાયેલા અને ખૂબ અનુભવી શિક્ષકોનો સંપર્ક

૪. તજજ્ઞોના અભિપ્રાયો

૫. વિધાનોની ગુણવત્તાની ચકાસણી

૬. અનુભવ પર આધારિત પૂર્વ પરીક્ષણ (અજમાયશ)

૭. અંકશાસ્ત્રીય પૃથ્થકરણ

વલણ માપદંડની રચના માટેના ઉપરોક્ત સોપાનો જે આંતરિક પ્રમાણભૂતતા માટે સુસંગત હતાં.

**બાહ્ય પ્રમાણભૂતતા.**વલણ માપદંડની પ્રમાણભૂતતા શોધવા માટે કુલ પાત્રો ૧૦૨૫ માંથી સૌથી ઉંચા પ્રાપ્તાંકો મેળવેલ ૫૦ પાત્રો અને સૌથી ઓછા પ્રાપ્તાંકો મેળવેલ ૫૦ પાત્રોના મેળવેલ

પ્રાપ્તાંકોનો યથાર્થતાંક શોધવામાં આવ્યો આ યથાર્થતાંકની ગણતરી નીચેના સૂત્ર પ્રમાણે કરવામાં આવેલી.

$$r = \frac{\sum XY vN M_x M_Y}{\sqrt{(\sum X^Z vN M_x^Z)((\sum Y^Z vN M_Y^Z)}}$$

જ્યા, X અને Y o પ્રાપ્તાંકો

$M_x$ અને $M_Y$ o X અને Y હરોળની અનુક્રમે સરાસરી

$\sum X^Z$ અને $\sum Y^Z$ o X અને Y માપદંડના વર્ગોનો અનુક્રમે સરવાળો N = પાત્ર સંખ્યા, r = યથાર્થતાંક

નીતિમત્તા માપદંડનો યથાર્થતાંક ૦.૨૩ જેના પરથી કરી શકાય કે ઉપલા જૂથ અને નીચલા જૂથના પાત્રો વચ્ચે ઓછો સીધો સંબંધ જોવા મળે છે.

આમ નીતિમત્તા માપદંડની પ્રમાણભૂતતા પ્રસ્થાપિત કરવામાં આવી.

**વલણ માપદંડનું અંતિમ સ્વરૂપ**

માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમત્તા માપતા વલણ માપદંડનું અંતિમ સ્વરૂપ તૈયાર થયું. જેની સાથે સંબોધનપત્ર જરૂરી માહિતી અંગેનું પત્રક અને સૂચના પત્રક મૂકવામાં આવેલ. આ રીતે વલણ માપદંડને છપાવી પ્રશ્નાવલિ સ્વરૂપે તૈયાર કરેલ.

**સૂચનાપત્ર.**કસોટીના સંચાલન માટે સંશોધક પોતે બધા જ શિક્ષકો પાસે રૂબરૂ જઇને વલણ માપદંડમાં પ્રતિચારો મેળવે તે શક્ય ન હોઇ, બધા જ પ્રતિચારો આપવાની એકવાક્યતા જળવાઇ રહે તે માટે સૂચનાપત્ર પણ આપવામાં આવ્યું જેથી પાત્રો કોઇ ભૂલ કે પ્રતિચારો આપવામાં ક્ષતિ ન કરે તથા ભવિષ્યમાં આ વલણ માપદંડનો ઉપયોગ કરનાર વ્યક્તિ તેનો યોગ્ય ઉપયોગ કરી શકે.

**પાત્રો.** નમૂનામાં પસંદ થયેલાં પ્રત્યેક શિક્ષકો પાસેથી નીતિમત્તા માપદંડમાં પ્રતિચારો મેળવવામાં આવ્યા.

**અભ્યાસની ક્ષેત્ર મર્યાદા-**

૧. સંશોધન માટેનું વ્યાપવિશ્વ ગુજરાત રાજયના ભાવનગર જિલ્લાની માધ્યમિક શાળાના શિક્ષકો પૂરતું મર્યાદિત હતું.

૨. અભ્યાસમાં ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના શિક્ષકોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉચ્ચતર માધ્યમિક શાળાના કે અંગ્રેજી, હિન્દી અથવા સિન્ધી માધ્યમવાળી માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

**શૈક્ષણિક લાયકાતના સંદર્ભે વિશ્લેષણ-**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષકોની શૈક્ષણિક લાયકાત સંદર્ભે તેમની નીતિમત્તા માપદંડ પરના સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવતને લગતી ઉત્કલ્પના રચવામાં આવી હતી. તેના અભ્યાસ માટે શિક્ષકોના વલણ પ્રાપ્તાંકો પરથી આવૃત્તિ વિતરણો તૈયાર કરીને આંકડાશાસ્ત્રીય લાક્ષણિકતાઓની ગણતરી કરવામાં આવી હતી. સમગ્ર નમૂનામાંથી સ્નાતક બી.એડ્., અનુસ્નાતક બી.એડ્. અને ડબલ અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોએ મેળવેલા પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવેલ. માપદંડોના આવૃત્તિ વિતરણો સારણી ૧.૧, ૧.૩અને ૧.૫માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી ૧.૧ સ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિવિતરણ**

| પ્રાપ્તાંક વર્ગ | આવૃત્તિ |
|---|---|
| ૩૨૧-૩૪૦ | ૧૦ |
| ૩૦૧-૩૨૦ | ૫૭ |
| ૨૮૧-૩૦૦ | ૧૧૨ |
| ૨૬૧-૨૮૦ | ૧૦૮ |
| ૨૪૧-૨૬૦ | ૫૫ |
| ૨૨૧-૨૪૦ | ૩૨ |
| ૨૦૧-૨૨૦ | ૮ |
| ૧૮૧-૨૦૦ | ૫ |
| ૧૬૧-૧૮૦ | ૩ |
| ૧૪૧-૧૬૦ | ૧ |
| ૧૨૧-૧૪૦ | -- |
| ૧૦૧-૧૨૦ | -- |
| ૮૧-૧૦૦ | -- |
| ૬૧-૮૦ | -- |
| ૪૧-૬૦ | -- |
| | ૩૯૧ |

સારણી૧.૧ અનુસાર સમગ્ર નમૂનામાં સ્નાતક બી.એડ્. શિક્ષકોએ નીતિમત્તા માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોનું પંદર વર્ગોમાં આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું.

વલણ પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણ માટે સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન, પાદસ્થ વિચલન, વિરૂપતા અને કકુદતા એમ છ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓની ગણતરી કરવામાં આવી. આવૃત્તિ વિતરણને આધારે વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ અને પ્રમાણવિચલનની ગણતરી કરવામાં આવી. આ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ સારણી ૧.૨માં રજૂ કરેલ છે.

**સારણી ૧.૨ સ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રપ્તાંકોના આવૃત્તિ વિતરણની અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ**

| | |
|---|---|
| સંખ્યા | ૩૯૧ |
| સરાસરી | ૨૭૪.૧૮ |
| મધ્યસ્થ | ૨૭૭.૫૬ |
| પ્રમાણવિચલન | ૨૯.૬૬ |
| પાદસ્થ વિચલન | ૧૮.૩૯ |
| વિરૂપતા | -૦.૩૪ |
| કકુદતા | ૦.૨૬ |

સારણી ૧.૨ પ્રમાણે વિતરણની વિરૂપતા -0.3૪ હતી. જે આ વિતરણની વિરૂપતા ઋણ બાજુએ હતું. વિતરણની કકુદતા 0.૨૬ હતી આથી આ વિતરણની કકુદતા ફૂટકકુદ પ્રકારની હતી.

અભ્યાસમાં નીતિમત્તા માપદંડ તપાસવા માટે અનુસ્નાતક બી.એડ્. પાત્રોનો બીજી કક્ષા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. અનુસ્નાતક બી.એડ્. પાત્રોના પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણની લાક્ષણિકતાઓ સારણી ૧.3માં દર્શાવેલ છે.

**સારણી ૧.3 અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ**

| પ્રાપ્તાંક વર્ગ | આવૃત્તિ |
|---|---|
| ૩૨૧-૩૪૦ | ૯ |
| ૩૦૧-૩૨૦ | ૧૦૨ |
| ૨૮૧-૩૦૦ | ૧૬૫ |
| ૨૬૧-૨૮૦ | ૧૬૭ |
| ૨૪૧-૨૬૦ | ૮૨ |
| ૨૨૧-૨૪૦ | ૩૨ |
| ૨૦૧-૨૨૦ | ૧૧ |
| ૧૮૧-૨૦૦ | ૧૧ |
| ૧૬૧-૧૮૦ | ૫ |
| ૧૪૧-૧૬૦ | ૩ |
| ૧૨૧-૧૪૦ | -- |
| ૧૦૧-૧૨૦ | -- |
| ૮૧-૧૦૦ | ૧ |
| ૬૧-૮૦ | ૧ |
| ૪૧-૬૦ | ૧ |
| | ૫૯૦ |

સારણી ૧.3 અનુસાર સમગ્ર નમૂનામાં અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોએ નીતિમત્તા માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોનું પંદર વર્ગોમાં આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું.

વલણ પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણ માટે સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન, પાદસ્થ વિચલન, વિરૂપતા અને કકુદતા એમ છ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓની ગણતરી કરવામાં આવી. આવૃત્તિ વિતરણને આધારે વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ અને પ્રમાણવિચલનની ગણતરી કરવામાં આવી. આ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ સારણી ૧.૪માં રજૂ કરેલ છે.

**સારણી ૧.૪અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડપરના પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણની અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ**

| | |
|---|---|
| સંખ્યા | ૫૯૦ |
| સરાસરી | ૨૭૩.૮૯ |

| | |
|---|---|
| મધ્યસ્થ | ૨૭૮.૨૨ |
| પ્રમાણવિચલન | ૩૩.૫૨ |
| પાદસ્થ વિચલન | ૧૭.૬૩ |
| વિરૂપતા | -૦.૩૯ |
| કકુદતા | ૦.૬૩ |

સારણી ૧.૪પ્રમાણે વિતરણની વિરૂપતા -૦.૩૯ હતી. જે આ વિસ્તારની વિરૂપતા ઋણ બાજુએ હતું. વિતરણની કકુદતા ૦.૬૩ હતી આથી આ વિતરણની કુકુદતા ચર્પટ કકુદ પ્રકારની હતી.

ઉપરાંત અભ્યાસમાં નીતિમત્તા માપદંડ તપાસવા માટે ડબલ અનુસ્નાતક બી.એડ્. પાત્રોનો ત્રીજી કક્ષા તરીકે પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડબલ અનુસ્નાતક બી.એડ્. પાત્રોના પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણની લાક્ષણિકતાઓ સારણી ૧.૫માં દર્શાવેલ છે.

**સારણી ૧.૫ ડબલ અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રાપ્તાંકોનું આવૃત્તિ વિતરણ**

| પ્રાપ્તાંક વર્ગ | આવૃત્તિ |
|---|---|
| ૩૨૧-૩૪૦ | -- |
| ૩૦૧-૩૨૦ | ૮ |
| ૨૮૧-૩૦૦ | ૧૫ |
| ૨૬૧-૨૮૦ | ૧૩ |
| ૨૪૧-૨૬૦ | ૪ |
| ૨૨૧-૨૪૦ | ૪ |
| ૨૦૧-૨૨૦ | -- |
| ૧૮૧-૨૦૦ | -- |
| ૧૬૧-૧૮૦ | -- |
| ૧૪૧-૧૬૦ | -- |
| ૧૨૧-૧૪૦ | -- |
| ૧૦૧-૧૨૦ | -- |
| ૮૧-૧૦૦ | -- |
| ૬૧-૮૦ | -- |
| ૪૧-૬૦ | -- |
| | ૪૪ |

સારણી ૧.૫ અનુસાર સમગ્ર નમૂનામાં ડબલ અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોએ નીતિમત્તા માપદંડમાં મેળવેલા પ્રાપ્તાંકોનું પંદર વર્ગોમાં આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવ્યું.

વલણ પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણ માટે સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન, પાદસ્થ વિચલન, વિરૂપતા અને કકુદતા એમ છ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓની ગણતરી કરવામાં આવી.

આવૃત્તિ વિતરણને આધારે વિરૂપતા, સરાસરી, મધ્યસ્થ અને પ્રમાણવિચલનની ગણતરી કરવામાં આવી. આ અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ સારણી ૧.૬માં રજૂ કરેલ છે.

**સારણી ૧.૬ ડબલ અનુસ્નાતક બી.એડ્. શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રાપ્તાંકોના આવૃત્તિ વિતરણની અંકશાસ્ત્રીય લાક્ષણિકતાઓ**

| | |
|---|---|
| સંખ્યા | ૪૪ |
| સરાસરી | ૨૭૪.૧૩ |
| મધ્યસ્થ | ૨૮૨.03 |
| પ્રમાણવિચલન | ૨3.૧૫ |
| પાદસ્થ વિચલન | ૯.૯૦ |
| વિરૂપતા | -૦.3૭ |
| કકુદતા | ૦.૮૫ |

સારણી ૧.૬ પ્રમાણે વિતરણની વિરૂપતા -૦.3૭ હતી. જે આ વિસ્તારની વિરૂપતા ઋણ બાજુએ હતું. વિતરણની કકુદતા ૦.૮૫ હતી. આથી આ વિતરણની કુકુદતા ચર્પટ કકુદ પ્રકારની હતી.

વિવિધ શૈક્ષણિક લાયકાત સંદર્ભે પાત્રોએ મેળવેલ નીતિમત્તા માપદંડ પ્રાપ્તાંકોના આધારે ત્રણ જૂથમાં વર્ગીકરણ કર્યા બાદ જુદાં જુદાં પ્રાપ્તાંકો વચ્ચેના સરેરાશાંકોની સાર્થકતા ચકાસવા માટે F- ગુણોતરની ગણતરી સારણી ૧.૭ અને ૧.૮માં દર્શાવેલ છે.

મેળવેલ પ્રાપ્તાંકોને વિવિધ શૈક્ષણિક લાયકાત સન્દર્ભે વર્ગીકરણ કરી અસહસમ્બન્ધિત પ્રાપ્તાંકોની સરાસરી તફાવતની સાર્થકતા F- ગુણોતર શોધવા માટે દ્વિમાર્ગી પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રવર્તમાન શિક્ષણ સમસ્યાને કેન્દ્રમાં રાખી સંશોધકે રચેલ પરિકલ્પનાની ચકાસણી માટે માધ્યમિક શાળાના શિક્ષકોને શૈક્ષણિક લાયકાત ગ્રેજ્યુએટ બી.એડ્. જૂથ-૧, પોસ્ટગ્રેજ્યુએટ બી.એડ્. જૂથ-૨ અને ડબલપોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. જૂથ-3 એમ ત્રણ જૂથમાં ઉત્તરદાતાને વહેંચી દીધા.

આ ત્રણેય જૂથે મેળવેલ પ્રાપ્તાંકોનું એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ કરવાનું નક્કી કરેલું તે મુજબ સારણી ૧.૭માં પ્રાપ્તાંકોનું વર્ગીકરણ કરેલ છે.

**સારણી ૧.૭ વિવિધ વયજૂથ ધરાવતા શિક્ષકોના નીતિમત્તા માપદંડ પરના પ્રાપ્તાંકોનું વર્ગીકરણ**

| | જૂથ-૧ | જૂથ-૨ | જૂથ-3 |
|---|---|---|---|
| | ગ્રેજ્યુએટ બી.એડ્. | પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. | ડબલ પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. |
| સંખ્યા | 3૯૧ | ૫૯૦ | ૪૪ |
| $\Sigma x$ | ૧૦૬૫૫૦ | ૧૬૦૧૪૦ | ૧૨3૨૫ |
| $\Sigma x^2$ | ૨૯3૬૨૭3૮ | ૪૪૪૬૯૪૯૬ | 3૪૭૬33૫ |

કુલ સંખ્યા = ૧૦૨૫

સમસ્ત મધ્યક =૨૭૨.૨૧

$SS_T$ =૧૩૫૭૯૬૩.૯૦

$SS_B$ =૩૧૪૭.૬૭

$SS_W$ =૧૩૫૪૮૧૬.૨૩

આ ત્રણેય જૂથના પ્રાપ્તાંકોનું એકમાર્ગીય વિચરણ પૃથક્કરણ સારણી ૧.૮માં રજૂ કરેલ છે.

**સારણી ૧.૮ વિચરણ પૃથક્કરણ**

| વિચરણનો શ્રોત | વિચરણવર્ગોનો સરવાળો | સ્વાતંત્રની માત્રા | વિચરણ | F | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|
| આંતરજૂથીય $SS_B$ | ૩૧૪૭.૬ | ૨ | ૧૫૭૩૮૪ | ૧.૧૯ | ૦.૦૫ કક્ષાએ સાર્થક નથી |
| આંતર જૂથીય $SS_W$ | ૧૩૫૪૮૧૬૨૩ | ૧૦૨૨ | ૧૩૨૫.૬૫ | | |
| સમસ્ત $SS_T$ | ૧૩૫૭૯૬૩.૯૦ | | | | |

F- ગુણોત્તર =$SS_B$ નું વિચરણ = ૧.૧૯

$SS_W$ નું વિચરણ

**df=૨**

શૈક્ષણિક લાયકાત સંદર્ભે શિક્ષકોના જૂથની સરાસરી અને પ્રમાણવિચલન શોધ્યા બાદ ત્રણેય માત્રાઓની સંખ્યા વધારે અને સરાસરી અસહસંબંધિત હોય ત્યારે સરાસરી તફાવતની સાર્થકતા F- ગુણોત્તર વડે શોધવામાં આવી.

સારણી ૧.૮ પરથી માલુમ પડે છે કે F- ગુણોત્તરની કિંમત ૦.૦૫ કક્ષાએ સાર્થક થવા ૩.૦૭ કરતાં વધુ થવી જોઇએ. અહીં સ્વાતંત્ર્યની ૨ માત્રા એ F- ગુણોત્તરની કિંમત ૧.૧૯ છે. તેથી ૦.૦૫ કક્ષાએ સાર્થકતાની કિંમત કરતાં ઓછી છે. તેથી અહીં મળેલી કિંમત ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતી. એટલે એવું અર્થઘટન થયું કે જુદાં જુદાં જૂથોમાં વર્ગીકૃત થયેલાં શિક્ષકોના સરેરાશાંકો વચ્ચે તફાવત સાર્થક ન હતો. એટલે અભ્યાસ દ્વારા રજૂ થયેલી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

એટલે કે નીતિમત્તાની બાબતમાં શૈક્ષણિક લાયકાત સંદર્ભે શિક્ષકોની સંખ્યા વચ્ચેના અર્થસૂચક તફાવત વિશેની શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર ન થવાનું અર્થઘટન એ છે કે ગ્રેજ્યુએટ બી.એડ્., પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્., ડબલ પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. શિક્ષકોની નીતિમત્તા વચ્ચે પરિસ્થિતિનો સૂચક ભેદ ન હતો.

નીતિમત્તા પરના પૂરોગામી સંશોધનો દેખતાવાલા(૧૯૭૬) તાલીમ પામેલા શિક્ષકોનું મનોધૈર્ય ઊંચું જોવા મળ્યું. પટેલ(૧૯૮૨) અનુસ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા મોટાભાગના શિક્ષકો વ્યવસાયિક સંતોષ ધરાવે છે. તાલીમ પામતા શિક્ષકોનો વ્યવસાયિક સંતોષ તાલીમ પામી વ્યવસાય કરતા શિક્ષકો કરતાં ઘણો ઉંચો છે. આ અભ્યાસોનું પરિણામ શૈક્ષણિક લાયકાત પરિસ્થિતિના સંદર્ભમાં મળતું આવતું ન હતું.

**તારણ અને ચર્ચા**

આ અભ્યાસના નમૂનાના શિક્ષકોને ઉપકરણ પરના પ્રાપ્તાંકો સ્વરૂપે એકત્રીકૃત માહિતીના પૃથક્કરણને નિમ્નલિખિત પરિણામ ઉપલબ્ધ થયું હતું. અભ્યાસના હેતુઓના અનુસંધાનમાં રચાયેલી ઉત્કલ્પનાઓના સ્વીકાર કે અસ્વીકાર સ્વરૂપે આ પરિણામ રજૂ કરવામાં આવ્યુ છે.

માધ્યમિક શાળાઓમાં વિભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નીતિમત્તા અંગેના નીતિમત્તા માપદંડ પરના સરેરાશાંકોના F- ગુણોત્તરનું મૂલ્ય ૧.૧૯ જોવા મળ્યું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક ન હતું. આમ શૈક્ષણિક લાયકાત સંદર્ભે માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમત્તા અંગેના નીતિમત્તા માપદંડ પરના સરેરાશાંકોની શૈક્ષણિક લાયકાત પરિસ્થિતિના અર્થસૂચક તફાવતની શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો ન હતો.

એટલે કે નીતિમત્તાની બાબતમાં શૈક્ષણિક લાયકાત સંદર્ભે શિક્ષકોની સંખ્યા વચ્ચેના અર્થસૂચક તફાવત વિશેની શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર ન થવાનું અર્થઘટન એ છે કે ગ્રેજ્યુએટ બી.એડ્., પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. ડબલ પોસ્ટ ગ્રેજ્યુએટ બી.એડ્. શિક્ષકોની નીતિમત્તા વચ્ચે પરિસ્થિતિનો સૂચક ભેદ ન હતો. આ તારણ પરથી કહી શકાય કે માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમત્તાને વિભિન્ન શૈક્ષણિક લાયકાત સાથે સાર્થક સંબંધ ન હતો.

**ભલામણો**

માધ્યમિક શાળાના શિક્ષકોની નીતિમત્તા પર થયલ પ્રસ્તુત અભ્યાસના આધારે કહી શકાય કે આ ક્ષેત્રમાં હજુ ઘણું શોધ કાર્ય થઇ શકે તેમ છે. અભ્યાસ ભાવિ સંશોધન નિમ્યલિખિત સમ્યાઓ સૂચવે છે.

૧. આ અભ્યાસ ગુજરાતના ૨૫ જિલાઓ પૈકી ભાવનગર જિલ્લા પુરતો મર્યાદિત હતો. પરંતુ ગુજરાતના અન્ય જિલ્લાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમત્તાનો અભ્યાસ હાથ ધરી શકાય.

૨. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓના આચાર્યોના નીતિમત્તાનો અભ્યાસ હાથ ધરી શકાય.

૩. ગુજરાત રાજ્યની અંગ્રેજી અને હિન્દી માધ્યમની શાળાઓના શિક્ષકોની નીતિમત્તાનો અભ્યાસ હાથ ધરી શકાય.

૪. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની નીતિમત્તાનો અભ્યાસ હાથ ધરી શકાય.

૫. માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની નીતિમત્તા સંબંધે અભ્યાસ હાથધરી શકાય.

૬. બી.એડ્., પી.ટી.સી. કે સી. પી.એડ્. જેવી તાલીમીકોલેજના શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીઓની નીતિમત્તાનો અભ્યાસ હાથ ધરી શકાય.

૭. ગુજરાત રાજ્યના અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્., પી.ટી. સી. કોલેજોના કર્મચારીઓનો નીતિમત્તા અંગેનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

## સંદર્ભસૂચિ


- **Buch, M. B. (1972-1978)**. Second Survery of Research in Education.New Delhi : NCERT.
- **Buch, M. B. (1978-1988).** Fifth Survery of Research in Education.

New Delhi : NCERT.

- **Darji, D. R. (1975).** A Study of Leadership Behaviour and its Correlates in the SecondarySchoolsof Panchmahal District. Ph.D. Thesis, Edu, M.S.Uni.
- **Dekhtawala, P.B ( 1976).** Teacher Moral in Secondary School's of Gujarat. Ph.D. Thesis, M.S.Uni.
- **Desai, H.G. (1975).** Journal of Higher Education, Vol. 1, No.2..
- **Hussain, H. (1985).** A Study of High School Teachers' Role Discrepancy in Kasmir in relation
- to their Moral, Teaching Effectiveness and Academic Aliemation. Ph.D. Edu. Mee Uni.
- **Joshi, B., & Ramanuj, J. (1997).** A Study of research questions in Indian Teacher Education . University News, 35 (7), 12-14.
- Journal of Moral Education Published by Taylar & Francis,U.K..
- **Vichao, P. (1983).** A Study of Organisational Climate and Teacher Moral in the Primary School's in the Centralzone of Thailand. In M. B. Buch Fourth survey of Research in Education, (Vol.I 1983-1988), (p-270) New Delhi :
- www.Teacher Moral Education Research. www. Indian. Education
- દેસાઇ, હ.ગુ (૧૯૭૩). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- પટેલ, મ., અને અન્ય (૨૦૦૨). રાષ્ટ્રીય શિક્ષણનીતિ: શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો. અમદાવાદ. બી.એસ. શાહ પ્રકાશન.
- પંડા, ઉ. (૧૯૮૨). ઓરિસ્સાની શાળાઓમાં વ્યવસ્થાપન ઓર્ગેનાઇઝેશનલ વાતાવરણ અને શિક્ષકની નીતિમતા. એજયુકેશન લેકચરર, રાધાનાથ ટ્રેનિંગ કોલેજ, કટક, ઓરિસ્સા.
- મોદી, ડી. જે. અને અન્યો (સં.) (૧૯૯૧). સંશોધન માધુકરી. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
- સુરેલિયા, (૧૯૯૨). કોલેજ શિક્ષકોના મનોભાર અને વ્યવસાયિક સંતોષ- ઘટકોનો અભ્યા. પી.એચ. ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- ઉચાટ, ડી. એ., તથા અન્યો (૧૯૯૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ: નિજ્જન સાયકો સેન્ટર. ઉચાટ, ડી.એ. અને અન્યો (સં.) સંશોધનનું સંદોહન. (પ્રથમ આવૃત્તિ). શિક્ષણશાસ્ત્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.